# 54

**રાજ્યમાં સરકારી કોલેજોમાં મદદનીશ પ્રાધ્યાપક વર્ગ–૨ની ખાલી જગ્યાઓ**

* 15/4/1878 **શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા** (સોમનાથ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમાં સત્રમાં તા.૨૬-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ * પ્રશ્ન ક્રમાંક: ૩૮૮૦૮ (અગ્રતા-૧૦૮)ના અનુસંધાને **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે .–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | રાજ્યમાં સરકારી કોલેજોમાં વર્ગ-૨ની ૪૪૭ જગ્યાઓ ખાલી હતી તે જગ્યાઓ બનતી ત્વરાએ ભરવાનું આયોજન હતું તે પૈકી કેટલી જગ્યાઓ તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ભરવામાં આવી, | (૧) | ૩૪૫ |
| (૨) | ઉક્ત સ્થિતિએ સરકારી કોલેજોમાં વર્ગ–૨ની કુલ કેટલી જગ્યાઓ ખાલી છે, | (૨) | ૩૬૩ |
| (૩) | ઉક્ત ખાલી જગ્યાઓ ન ભરાઇ હોય તો તેના કારણો શા છે, અને | (૩) | ➢ મદદનીશ પ્રાધ્યાપક (વર્ગ-૨) સંવર્ગની ભરતી ગુજરાત જાહેર સેવા આયોગ મારફત કરવામાં આવે છે. ખાલી રહેતી જગ્યાઓ માટે રોસ્ટર પ્રમાણિત કરાવી માંગણા પત્રકો જાહેર સેવા આયોગને મોકલી જાહેર સેવા આયોગ દ્વારા ભરતી પ્રક્રિયા અન્વયે કાર્યવાહી થતી હોય છે. હાલમાં રોસ્ટર અપટેડ કરવાની કાર્યવાહી વહીવટી પ્રક્રિયા હેઠળ છે.<br>➢ ઉક્ત રહેતી ખાલી જગ્યાઓ પૈકી સને ૨૦૨૧ના વર્ષમાં રાજ્યની સરકારી કોલેજોમાં નવી ૧૫૦ જગ્યાઓ મંજૂર થયેલ છે. તેમજ સને ૨૦૨૨-૨૩માં નવી મંજૂર થયેલ કોલેજો અને પ્રવાહ શરૂ થતાં ૬૬ જગ્યાઓ નવી ઉભી થયેલ છે. તેમજ વિવિધ કારણોસર જગ્યાં ખાલી થતાં ઉક્ત જગ્યાઓ ખાલી છે.<br>➢ ઉક્ત ખાલી રહેલ જગ્યાઓ પર હાલમાં મુલાકાતી અધ્યાપકોથી શૈક્ષણિક કાર્ય ચાલી રહ્યુ છે. |
| (૪) | ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૪) | બનતી ત્વરાએ |

--------------